# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૪ • સળંગ અંક : ૨૪૫ • તા.૧૮ ફેબ્રુઆરી થી ૨૪ ફેબ્રુઆરી ૨૦૨૩




**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.





# નેશનલ યુવા કેડીઓ ઓલિમ્પિક શાનદાર રીતે સંપન્ન


DON'T
Compromise!
Portability Benefits Available
"HEALTH INSURANCE"
COMPARE, SCRUTINIZE & DECIDE
Karani
: For Details Contact Us :
YASHODHAN KARANI 98211 37737
DEEPAK KARANI 98210 82664
DEEPAK MOMAYA 93233 44737
KALPESH LODAYA 93248 33133
☑ Global Cover
☑ No Room Rent Restrictions
☑ Consumables Benefit Cover
☑ Maternity Cover
☑ Emergency Air Ambulance
☑ OPD Dental Treatment Upto 10000/-
☑ OPD Treatment Upto 5000/-
☑ 60 Days-Pre & 90Days Post Hospitalisation
☑ Road Ambulance 5000 per Hospitalisation
☑ Compassionate Travel Upto 20000
☑ High End Diagnostic upto 25000
☑ Bariatric Surgery Cover
☑ No Claim Bonus 50% every year upto 100%
☑ Long Term Policy Discount 10% for 3 yrs Policy
*T & C APPLY
insurancekhoj.com™
the ultimate stop for insurance™
#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.
90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com
LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

ચંદ્રેશ વિરચંદ છેડા



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email : gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

### સંપાદક સ્થાનેથી

# ગામડાંઓ પરિવર્તનની પગથારે

આજે પરિવર્તનનો દોર છે. ગામડા તૂટીને શહેર બની રહ્યાં છે અને શહેર મહાનગરમાં પરિવર્તિત થઈ રહ્યાં છે. ખરૂં કહીએતો હવે ગામડાં અગાઉના જમાના જેવા ગામડાં રહ્યાં નથી પણ આધુનિક માર્ડન ટેકનોલોજીનાં ઉપયોગ કરતા ગામડાંઓ થઈ રહ્યાં છે. ઘરોઘરમાં વીજળી, પાણીના નળ આવી ગયા છે. બસ વ્યવહાર આજુબાજુના શહેરો, તાલુકા, જિલ્લા મથકોને જોડે છે. ડામરની સડકો નિર્માણ થઈ છે. દરેક ઘરોમાં પહેલા બળદગાડા હતા, સાઈકલો રહેતી હવે ટૂ વ્હીલરને ફોર વ્હીલર ઘર આંગણે ઊભી રહે છે. અગાઉ ગામમાં પાંચ ધોરણ સુધીની પ્રાથમિક શાળાઓ હતી હવે દસમા ધોરણ સુધી કે બારમા ધોરણ સુધીની શાળાઓ ભણતર પ્રદાન કરે છે. આમ જમાના અનુસાર ગામડાઓની સિકલ બદલાઈ ગઈ છે.

આપમા વડીલો સંયુક્ત પરિવારમાં ઉછરેલા હતા. કુટુંબના માવતરોને વડીલોને દરેક સભ્યો આદરપૂર્વક સંભાળ લેતા, જતન કરતા અને તેમની સેવા ચાકરી કરતાં ગામમાં જ રસકસની દુકાન હોય, શાકભાજીની નાની હાટડી હોય કે અન્ય ચીજ વસ્તુ કે ફરસાણ-મીઠાઈની નાની દુકાન હોય તો ખેતીવાડીની જમીનમાં ઉપજ લઈ શાંતિ સુખથી ગુજારો કરતા. સંજોગો વશાત વધુ કમાણી માટે ગામ છોડવું પડે તો પોતે એકલા જતા. પાછળ પરિવાર ગામડે રખાતા વાર, તહેવારે સારા નરસા ટાણે ગામનો ફેરો કરી જતાં દેશાવરમાં વસીને દેશને ભૂલ્યા ન હતા. મૂળિયા મૂળગામમાં જાળવીને વિકાસ કર્યો, પ્રગતિ કરી, ધમધોકાર કમાણી કરી પણ હવેની જનરેશન ભલે શહેર-મહાનગરમાં જન્મી, ઉછરી, કેળવણીને તાલીમ પામી શિક્ષિત થઈ છે. પણ પોતાના મૂળ ગામે સહેલાઈથી જતી નથી. જો જાય તો મજબૂરી વશ. આ એટિટ્યૂટ ઘણી જ્ઞાતિઓ હવે વધી રહ્યો છે. ગામડાનું શાંત જીવન, પાંખી વસ્તી, અપરિચિત માહોલ, વાહન વ્યવહારના ઓછા અપૂરતા સાધનો, હરવા ફરવાના કે મનોરંજન માટેના કોઈ સ્થળો ન હોવાના અભાવને લીધે આજના સુશિક્ષિત બાળકો વતને જવાનું કરતા નથી.

આપણી જ્ઞાતિની અઢળક વસ્તી હતી એ ગામોમાં નામ માત્રના ઘર પરિવાર રહે છે. ભવ્ય વિશાળ ઐતિહાસિક વીરાસત ધરાવતા જિનાલય હોય છે પણ રોજે રોજ ધર્મ, સેવાને ભક્તિ કરવા માટે અવરજવર થાય એની રાહ જોવાતી હોય છે. એટલું સારૂ છે કે સમયે સમયે ગામમાં ઉત્સવ, ઓચ્છવ અને તહેવારોની ઉજવણી ટાણે, દેશ-દેશાવરથી પરિવાર સાથે સૌ આવીને જોડાતા રહેતા હોવાથી તાત્પૂરતી વસતી લાગતી હોય છે. ત્યાર પછી ફરી સૂમસામ માહોલ થઈ જાય છે.

જ્ઞાતિ સમાજના બહુધા પરિવારો અનુકુળતા કરી ચાતુર્માસ, પર્યુષણને પહેડી, ધજા મહોત્સવમાં સહભાગી થવા વતનમાં જાય છે. કોઈક વરસમાં બે ચારવાર જાય છે. પરિવાર મોભીઓ સ્ત્રીવર્ગ પણ સાથે જઈ લાભ લે છે. પણ કુટુંબની યુવા પેઢી પણ જો અમૂક તેમની સાથે જાય તો વતનની સુગંધ પામી ધન્યતા અનુભવે. સ્થાનિકજનો સાથે ઘરોબો બંધાય. ગ્રામ્ય સંસ્કૃતિનો પરિચય થાય. યુવાનોના નવા નવા વિચારથી ગામમાં પણ કઈ પરિવર્તન થાય. સમય સંજોગો અનુકુળ કરી યુવાનો વરસમાં એક કે બે વાર આવી રીતે ગામડાંઓમાં જાય તો ગામવાસીઓ સાથે નાતો કેળવાય. ગામો તૂટતા આપણે ભલે રોકી ન શકીએ પણ, ગામમાં કંઈ નવું પરિવર્તન કરવા આપણા વિચાર જરૂર કામ આવે.

- જય જ્ઞાતિમૈયા

# સ્વાર્થ સાથે સંઘર્ષ

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

જીવનના જે બધા પાપો છે તેના મૂળમાં સ્વાર્થ અને લોભ છે. પરિવારોમાં મિલકતોના ઝઘડા અને સગાંસંબંધીઓ વચ્ચે વેરઝેર આના કારણે થતા હોય છે અને દિવસે દિવસ વધતા જાય છે. જીવનમાં સંતોષ ન હોય તો જે કંઈ મળે તે પણ ઓછું લાગે છે. દરેક માણસ સુખ ઈચ્છે છે. એમાં કશો વાંધો નથી. વાંધો એ છે કે તેને બીજા કરતાં વધુ સુખ જોઈએ છે. એટલે જ મુશ્કેલી ઊભી થાય છે અને મનનો અંજપો વધે છે. મને મળ્યું છે તેનો સુખ નથી થતું. અન્યને મળ્યું છે તે આપણો આનંદ લૂંટી લીધું છે. બીજા કરતાં વધુ સુખ જોઈએ એ ભાવના મનને પીડા આપે છે. આપણે રેસમાં કેટલાથી આગળ છીએ એનો આનંદ થતો નથી પણ આપણે કેટલાની પાછળ રહી ગયા છીએ તેનો વિષાદ રહે છે. જેમની ભૂખ ભાંગવા ભોજન મળતું નથી. અંગ ઢાંકવા વસ્ત્રો પૂરતા નથી અને માથે ટકાઉ છાપરૂં નથી એવા લોકોની તુલનામાં આપણી ઉપર ભગવાનની અસીમ કૃપા અવિરત રહી છે તેનો સંતોષ આપણને થતો નથી.

જીવનના દરેક ક્ષેત્રમાં વિકાસ અને પ્રગતિ જાળવવા ઉચ્ચ ધ્યેય હોવું જરૂરી છે અને આ ધ્યેય જળવાઈ રહે એ માટે અવિરત પુરૂષાર્થ અનિવાર્ય છે. જીવનમાં જે કોઈ પ્રાપ્ત થાય તેનો આનંદ માણવો જોઈએ અને જે સામે આવીને ઊભું રહે તેનો સહર્ષ સ્વીકાર પણ કરવો જોઈએ તેની સાથો સાથ ગમે તેવી મુશ્કેલી અને પડકાર ઊભો થાય તો તેનો સામનો કરવાની તૈયારી રાખવી જોઈએ. જીવનમાં ઊંચા આદર્શો સ્થાપિત કરવાનો આ સાચો માર્ગ છે. આપણી પાસે હાલમાં શું છે તે મહત્વનું નથી પણ તેમાંથી આપણે કેટલો આનંદ અને કેટલું સુખ મેળવી શકીએ છીએ તે મહત્વનું છે, સ્વાર્થ હોય, લોભ હોય, અસંતોષ હોય અને બીજાની પાસેનું ઝૂંટવી લેવાની જ આપણી ભાવના હોય તો છેવટે કશું ભોગવી શકાતું નથી એ અંત પણ દુઃખદાયી બને છે.

જીવનમાં સ્વાર્થ સાથે સતત સંઘર્ષ કરવો જોઈએ. પ્રત્યેક માણસ પોતાનો સંકુચિત સ્વાર્થ જુએ છે અને તેમાં જ પોતાનું સુખ, સમાધાન માને છે. સ્વાર્થ વધુ ઘેરો બને છે. ત્યારે મતાગ્રહ, હઠાગ્રહ અને ઝનૂન ઉમેરાય છે. આ માટે માણસ બધું કરી ચૂકે છે. આ માટે સંબધોનું કોઈ મૂલ્ય રહેતું નથી. સ્વાર્થ અને સ્વસુખ આનંદ માટે આપણી દ્રષ્ટિ સીમિત બની જાય છે અને અસત્ય, અનીતિ, હિંસા, જૂઠ અને કપટનો સહારો લેવાય છે અને શ્રધ્ધા, વિશ્વાસ અને સંબંધનો ભોગ લેવાય છે. થોડુ લાગતું સુખ મેળવવા માટે સામાન્ય જણ અનીતિ આચરે છે. જ્યારે શક્તિશાળી વ્યક્તિ સતા, કીર્તિ, પદ અને પ્રતિષ્ઠા કાજે જૂઠા કાવાદાવા અને ફરેબ રચે છે અને શતરંજના આટાપાટા ખેલે છે. જીવનમાં થોડું વધુ મેળવવા માટે કેટલું બધું ગુમાવી છીએ તેનો ખ્યાલ રહેતો નથી. સ્નેહ અને પ્રેમના સંબંધોના વિચ્છેદ ઉડાવી દઈએ છીએ. ત્યારે એટલો ય ખ્યાલ રાખતા નથી કે સ્નેહી સ્વજનોનો પ્રેમ ગુમાવ્યા પછી પાછો મળશે નહીં. મન, મોતી અને કાચ તૂટ્યા પછી સંધાતા નથી. એનો ખ્યાલ રાખીને જીવન વ્યવહાર આગળ વધારીએ અને જાળવીએ.


## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

| | |
|---|---|
| Type of Account | : Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | : Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | : Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | : ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# શ્રી સમસ્ત કચ્છી દશા ઓસવાલ જૈન મહાજનની યુવા સમિતિ આયોજિત નેશનલ યુવા કેડીઓ ઓલિમ્પિક શાનદાર રીતે સંપન્ન થયો



Deep Pragatyam - Main Sponsor, Chief Guest, Managing Trustees



Felicitation of Title Sponsor Sanghmata Damyantiben Ratanshi Kuvarji Shah (Lodaya), Sayera-Ujjain & Chief Guest Shri Akash Deepak Ratanshi Shah Lodaya, Sayera-Pune

સમસ્ત મહાજનની યુવા સમિતિના વિવિધ વિભાગ જેમ કે મુંબઈ અમદાવાદ, જલગામ, બેંગ્લોર, કોચી, ઈન્દોર, સેંધવા, કચ્છ, ગાંધીધામ, પુના, વાપી, ધુલીયા, રાજકોટ વગેરેના ખંતીલા યુવા મેમ્બરોના સક્રિય પ્રયાસથી તા.૪ અને તા.૫ ફેબ્રુઆરી શનિવાર તથા રવિવારના ઓફ શોર્ટ ટર્ફ, પાંચમા માળે, નિર્મલ લાઈફ સ્ટાઈલ, એલ,બી.એસ.રોડ, મુલુંડમાં નેશનલ યુવા કેડીઓ ઓલિમ્પિકનું ભવ્ય આયોજન સંપન્ન થયું. જેમાં વિવિધ રમતોમાં ૬ ટીમોના ૧૪૦ પ્રતિસ્પર્ધી ખેલાડીઓ હિસ્સો બન્યાં હતા.



Chairman Hemil Jayesh Dand



Participants

ઐક્ય અને પારિવારિક માહોલ કેળવવા સમગ્ર દેશના કેડીઓ યુવા એક છત્ર નીચે જમા થઈ ખેલદિલી ભાવના પ્રદર્શિત કરી હતી. ૨૦ થી ૨૨ ખેલાડીઓ સાથેની કુલ્લ છ ટીમો વિવિધ એકમો મુજબ ગઠિત કરાઈ હતી.



Felicitation of Co-Sponsor Dakshin Bharat KDO Jain Ekkam



Felicitation of Jersey Sponsor Shri Nishith Dand (M/s. Sure Safety)

# નેશનલ યુવા કેડીઓ ઓલિમ્પિક શાનદાર રીતે સંપન્ન થયો



**Felicitation of Team Ahmedabad ke Ajinkiya Sponsored By Shri KDO Jain Ahmedabad Mahajan**



**Felicitation of Team Dosti ke Dabangg Sponsored By Smt. Tejal Rajesh Lodaya**

આ ટીમો અને તેના શુભેચ્છદાતાઓ નીચે મુજબ છે.

૧) મુંબઈ કે મહાબલિ-ડોનર શ્રી કેડીઓ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ તથા શ્રી અનંતનાથ ટ્રસ્ટ (૨) મહારાષ્ટ્ર કે મહારથી-ડોનર શ્રી કેડીઓ જૈન મહારાષ્ટ્ર એકમ (૩) અમદાવાદ કે અજીંક્ય-ડોનર શ્રી કેડીઓ જૈન અમદાવાદ મહાજન (૪) વિકમશી કે વીર-ડોનર મે.કાંતી કરમશી એન્ડ કું હસ્તે કાંતિલાલ કરમશી વિકમશી પરિવાર (૫) દોસ્તી કે દબંગ-ડોનર શ્રીમતી તેજલ રાજેશ શાહ (૬) ઉતર કે ઉમંગ-ડોનર શ્રી કેડીઓ જ્ઞાતિ મહાજન રાયપુર અને શ્રી કેડીઓ જ્ઞાતિ મહાજન ઈન્દૌર.



**Navkar Mantra**




**Word of Motivation by - Chief Guest Shri Akash Deepak Ratanshi Lodaya (Sayera-Pune)**

દ્વિદિવસીય યુવા કેડીઓ ઓલિમ્પિકનું આયોજન સર્વે દાતાઓ અને શુભેચ્છકોના આત્મીય સાથથી ભવ્ય રીતે સફળ બન્યો હતો. **ટાઈટલ સ્પોન્સર્સ સંઘમાતા દમયંતીબેન રતનશી કુંવરજી શાહ લોડાયા સાંયરા-ઉજ્જૈન** હતા. સમસ્ત મહાજન તેમજ યુવા ટીમ તેમના આત્મીય સહયોગની અઢળક અનુમોદના કરે છે.

**ઈવેન્ટના કો-સ્પોન્સર્સ –** ૧) દક્ષિણ ભારત કચ્છી દશા ઓસવાલ જૈન એકમ ૨) માઈક્રોફિનિશ વાલ્વ શ્રી તિલકભાઈ વિકમશી વરાડિયા-હુબલીના સહયોગની મનપૂર્વક નોંધ લઈ આભાર વ્યક્ત કરે છે. ઈવેન્ટ આયોજનના સફળ આયોજન માટે માર્ગદર્શન સાથે સાથ આપવા સમસ્ત મહાજનના સેક્રેટરી જનરલ નીશિથભાઈ દંડનો આભાર વ્યક્ત કરીએ છીએ. ઈવેન્ટ માટે દરેક દાતાઓના સાથ સહકાર બદલ યુવા સમિતિ સૌનો ઋણ સ્વીકાર કરે છે.

સમગ્ર ટુર્નામેન્ટની વિનર ટીમ વિકમશી કે વીર ઓનર કાંતિલાલ કરમશી વિકમશી પરિવાર જ્યારે રનરઅપ ટીમ મુંબઈ કે મહાબલિ ટીમ ઓનર શ્રી કદઓ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ-શ્રી અનંતનાથજી ટ્રસ્ટ અદ્‌ભૂત પર્ફોમન્સ દાખવી ટુર્નામેન્ટમાં છવાઈ ગઈ હતી. વિવિધ ગેમ કેટગરીમાં વિજેતા થયેલ ટીમોની નામાવલી : ફ્લાઈંગ વોલીબોલ : વિકમશી કે વીર, ૩ લેગ ફૂટબોલ : મુંબઈ કે મહાબલિ, સ્પાઈડર વેબ : મહારાષ્ટ્ર કે મહારથી, ટગ ઓફ વોર : અમદાવાદ કે અજીંક્ય, લગોરી : વિકમશી કે વીર, બોક્સ ક્રિકેટ : વિકમશી કે વીર, ટાકેશી : અમદાવાદ કે અજીંક્ય, ખોખો : ઉતર કે ઉમંગ, ટ્રેઝર હન્ટ : દોસ્તી કે દબંગ અને વિકમશી કે વીર, ફ્લિપ ટીક ટક ટો : મહારાષ્ટ્ર કે મહાબલિ, સ્કેવર બોલ : વિકમશી કે વીર.

# નેશનલ યુવા કેડીઓ ઓલિમ્પિક શાનદાર રીતે સંપન્ન થયો



Felicitation of Team Maharashtra ke Maharathi Sponsored By Shri KDO Jain Maharashtra Ekkam



Felicitation of Team Uttar ke Umang Sponsored By Shri KDO Jain Gyati Mahajan (Raipur & Indore)

બે દિવસીય આયોજનમાં સહભાગી થનાર સ્પર્ધકો અને આયોજકો માટે જમણવાર, ચા-નાસ્તાની, એનર્જી ડ્રીન્ક, ગ્લુકો વીટાની વ્યવસ્થા રખાઈ હતી તે બદલ ફુડ અને રીફ્રેશમેન્ટના સર્વે દાતાઓનો આભાર માન્યો હતો.

આયોજન કમિટીના સૌ સભ્યોની મનપૂર્વકની જહેમત અને ટીમવર્ક સાથથી આ ભવ્ય આયોજન સફળતાને વર્યુ હતું.



Felicitation of Team Mumbai ke Mahabali Sponsored By Shri KDO Jain Gnati Mahajan (Mumbai) & Shri Anantnath Trust



Runner-Up Team of KDO Olympics (Mumbai ke Mahabali)

કેડીઓ યુવા સમિતિના ચેરમેન હેમીલ જયેશ દંડ, સમસ્ત મહાજન ટ્રસ્ટી અને યુવા સમિતિ કન્વીનર કુણાલ તિલકચંદ ડાઘાના અમૂલ્ય માર્ગદર્શન અને ઈવેન્ટ કન્વીનર એકતા ઉદયન લોડાયા તથા ઉર્વેશ ભરત છેડાના ઉતમ દેખરેખ હેઠળ ટીમ મેમ્બર ભવ્ય દંડ, ધનિષ્ઠા ધરમશી, ગૌતમ લોડાયા, ગુંજલ લોડાયા, હર્ષ લોડાયા, હર્ષિત દંડ, હેતલ મૈશેરી, લબ્ધિ લોડાયા, પ્રિન્સ ધરમશી, પૂર્વેશ લોડાયા, રાશિ છેડા, શ્રુત દંડ, સિધ્ધાર્થ ખોના, ઉર્વેશ દંડ, વૈભવ ખોના અને વિરલ મોતાની ખંત ભરી જહેમતથી આયોજન સફળ બની શક્યું હતું.

ઈવેન્ટ અવસરમાં મુખ્ય દાતા પરિવાર સંઘમાતા દમયંતીબેન રતનશી કુંવરજી શાહ લોડાયા, સાંયરા-ઉજ્જૈન પરિવાર તરફથી આકાશ અને જ્યોત્સનાબેન દીપક રતનશી લોડાયા, પુના. મુખ્ય અતિથિ સાથે અતિથિ ગણમાં શ્રી કેડીઓ જૈન



Garba



Sponsors of Event

# નેશનલ યુવા કેડીઓ ઓલિમ્પિક શાનદાર રીતે સંપન્ન થયો




Anchoring - Convener Ekta Lodaya



Main Sponsor, Chief Guest, Managing Trustee, Chairman

જ્ઞાતિ મહાજન મુંબઈના પ્રમુખ નયન ભેદા, ઉપપ્રમુખ કુમારભાઈ દંડ અને વિરેન્દ્ર લોડાયા, શ્રી કેડીઓ જૈન મહાજન રાયપુરના પ્રમુખ મણિલાલ પદમશી દંડ, કેડીઓ જૈન અમદાવાદ મહાજનના પ્રમુખ જીતેન્દ્ર ખોના, ટ્રસ્ટી નલિન મોમાયા, ઉપપ્રમુખ તિલક ભારાણી, મંત્રી રાજેશ ધરમશી, ઉપરાંત ઈન્કમટેક્ષ ઓફિસર દિલીપ નાગડા, તેકુલાધુ જૈન યુવક સંઘ પ્રમુખ ચિરાગ નાગડા, કેડીઓ જૈન નલિયા મહાજનના મંત્રી પિનાકીન છેડા, કેડીઓ જૈન મહાજન વરાડીયાના ટ્રસ્ટી/સેક્રેટરી પદમભાઈ લોડાયા, કેડીઓ પ્રકાશ સમીક્ષાના ટ્રસ્ટી તેજસ લાલકા અને જયંતિલાલભાઈ મૈશેરી, કિરણભાઈ દંડ વગેરે ઉપસ્થિત રહી શોભા વધારી હતી. આયોજકોનો ઉત્સાહ વધારી સ્પર્ધકોની મહેનત અને ખેલદિલીને મનપૂર્વક બિરદાવી હતી.



Flip Tic Tac Toe - Winning Team - Maharashtra ke Maharathi




Kho-Kho Winning Team Uttar ke Umang




Lagori - Box Cricket Winning Team Vikamsey ke Veer



Indore Mahajan President Shri Manilal Dand & I.T. Commissioner Shri Dilip Nagda

# નેશનલ યુવા કેડીઓ ઓલિમ્પિક શાનદાર રીતે સંપન્ન થયો



Team Ahmedabad ke Ajinkiya



Team Dosti ke Dabangg





Team Maharashtra ke Maharathi



Team Mumbai ke Mahabali



Team Uttar ke Umang



Team Vikamsey ke Veer



Team Players of Dosti ke Dabangg With Their Sponsorer Smt. TejalBen And Shri RajeshBhai Lodaya

# નેશનલ યુવા કેડીઓ ઓલિમ્પિક શાનદાર રીતે સંપન્ન થયો



Team Yuva
(Shri Samast KDO Jain Mahajan)



Team Yuva With Chief Guest Shri Akash Deepak Lodaya



Treasure Hunt - Joint Winners - Dosti ke Dabangg



Treasure Hunt - Joint Winners - Vikamsey ke Veer



Toss of 1st Cricket Match




Trophies, Momentoes - Medals



Tug of War - Winning Team Ahmedabad ke Ajinkiya

# ARIHANT BANK
SHRI ARIHANT CO-OP. BANK LTD.
Estd. 1984

## With LOWEST INTEREST Rates, we are still very much Co-operative

| HOME LOAN | CAR LOAN | eAUTO LOAN |
|---|---|---|
| *7.49% (p.a.) | *7.49% (p.a.) | *7.49% (p.a.) |

| GOLD LOAN | LOAN AGAINST PROPERTY | LOAN AGAINST INSURANCE POLICY | TRADE LOAN |
|---|---|---|---|
| *7.70% (p.a.) | *7.75% (p.a.) | *7.75% (p.a.) | *8.50% (p.a.) |

* Terms & Conditions Apply

**Head Office :** GB-10 A&B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai - 400 083

| Bhandup (West) | Borivali (West) | Dombivli (East) | Ghatkopar (East) | Ghatkopar (West) |
|---|---|---|---|---|
| 86526 30381 | 86526 30390 | 86526 30386 | 86526 30383 | 86526 30385 |

| Masjid Bunder | Matunga | Mulund (West) | Thane (West) | Vashi | Kamothe |
|---|---|---|---|---|---|
| 86526 30384 | 86526 30389 | 86526 30382 | 86526 30388 | 86526 30387 | 86521 19656 |

## SADA AAPKE SANG, ARIHANT

For More Details, Call Nearest Branch or


**Toll Free : 1800 221 984**

**Working Hours :** 10:30 am to 05:30 pm **(Except Bank Holidays)**



www.arihantbank.com @ ArihantBank

# સંજીવની કેસ નં.૯૮ના સહાયતાર્થે રૂા.૨.૬૫ લાખ જમા કરવાનો છે પડકાર




સુથરી-મલકાપુરના શ્રીમતી પ્રતિભા નિલેશ લોડાયા ઉ.વ.૩૩ને કરોડજજુ ટ્યુમરનું નિદાન થયું. આ ટ્યુમરને કારણે કરોડરજ્જુનું સંકુચન થાય છે અને કરોડજજુ અને તેની આસપાસની ચેતાતંત્ર સંકુચિત થવાને લીધે તેઓ ચાલવા અસમર્થ થયાં છે. આ બીમારીનો ઈલાજ શસ્ત્રક્રિયાથી જ થઈ શકે છે. આ માટેની સર્જરીનો અંદાજિત ખર્ચ રૂ.૨.૬૫ લાખ છે.

તેઓ ગૃહિણી છે જ્યારે પતિ નાનું મોટું કામ કરી રોજગાર રળે છે અને માંડ માંડ ઘર સંસારનો ગુજારો ચલાવે છે. પરિવારની નથી કોઈ બચત કે નથી કોઈ વીમાના કવચનું રક્ષણ. પ્રતિભાબેન લોડાયાના કપરા સમયમાં આપણે સૌ ખડે પગે ઊભા રહી તેમનો સહારો બની એ અને આપણો માનવ ધર્મ બજાવીએ ટીપેટીપે સરોવર ભરાય, કાંકરે કાંકરે પાળ બંધાય એઉક્તિ અનુસાર. સૌના સાથ મળેથી અતિ વિકટ લક્ષ્ય પણ લાંઘી શકાય છે. આ કેડીઓની ખાસિયત છે. જે આ સંજીવની કેસમાં આપણને દર્શાવવાની છે.

# શ્રધ્ધાંજલીના સુમન અર્પણ



**ઉદય**
**૨૨.૦૧.૧૯૬૦**

**અસ્ત**
**૧૦.૦૨.૨૦૨૩**

## સ્વ. શ્રી રાજેશ દામજી શામજી પોલડીયા

**(ગોએરસમા - નાશિક)**

શબ્દો નથી સુજતા અમને, શું લખીએ શ્રધ્ધાંજલી માં.
નથી તૈયાર મન માનવા, તમો નથી હવે આ જગમાં.
અમ સર્વ નાશિકવાસીઓ ને, યાદ આવે આપની પલપલ માં
કમ લીધી અણધારી વિદાય, સિધાવ્યા છો સ્વર્ગ લોક માં
છત્રછાયા ગુમાવી પરીવારે, સમાજે ગુમાવ્યું અણમોલ રતન,
ચોધાર આંસુડે રડે છે, ઈલા, ઈશાંક, નૂપુર, યુવમ ને ભવ્યમ્
મધ્યાહને ઝળહળતો સુર્ય, શીદને શીદ ને થયો આમ અસ્ત
સથવારો બધાનો છોડી શીદ ને, સંકેલી લીધું તમે જીવન.

પરોપકારી, પરગજુ, ધર્માનુરાગી, નિસ્વાર્થ સેવા માટે સદા તત્પર, બાહોશ, માર્ગદર્શક, સરળ સ્વભાવી, સમાજ સેવક શ્રી રાજેશભાઈ ના અવસાનથી નાશિક ક.દ.ઓ. જૈન સમાજને ખુબ જ મોટી ખોટ પડી છે. પરમ કૃપાળુ પરમાત્મા સ્વ. શ્રી રાજેશ ભાઈ ના આત્મા ને પરમ શાંતિ અર્પે અને સત્વરે મોક્ષગામી બનાવે તથા મા. લક્ષ્મીબાઈ દામજી શામજી પોલડીયા (ગોએરસમા) સમસ્ત પરીવારજનો ને આ અસહ્ય આઘાત સહન કરવાની શક્તિ આપે એ જ અભ્યર્થના.

**-: શ્રદ્ધાસુમન :-**

શ્રી ક.દ.ઓ. જૈન મહાજન/સંઘ, નાશિક
મા. રતનબાઈ નરશી ગોવિંદજી શાહ નાગડા • મા. ચંદનબાલાબેન રાજેન્દ્ર નરશી શાહ નાગડા
મા. દયાવંતીબેન લક્ષ્મીચંદ નરશી શાહ નાગડા • સમસ્ત પરીવાર પરજાઉ – નાશિક

# મધ્ય રેલવે ભુસાવળ ડિવિઝનની ડીઆરયુસીસી કમિટીમાં વિમલ દંડની મેમ્બર તરીકે નિયુક્તિ થઈ




મધ્ય રેલ્વેના ભુસાવળ ડિવિઝનની DRUCC ડિવિઝનલ રેલવે યુઝર્સ કન્સલટેટિવ કમિટીના મેમ્બર તરીકે બારોઈ આકોલાના વિમલ જ્યોતિન્દ્ર જૈન-દંડની વરણી કરાઈ છે. તેઓ આકોલાથી પ્રકાશિત થતાં દિવ્ય હિન્દીના સંપાદક છે.

હાલમાં જ મહારાષ્ટ્ર રાજ્યમાંથી સંસદના ન્યૂઝ રિપોર્ટીંગ માટે કેન્દ્ર સરકારએ તેમને આમંત્રણ આપ્યું હતું. તેમની નિયુક્તિ બદલ ખુશી વ્યક્ત કરી હાર્દિક અભિનંદન પાઠવીએ છીએ અને તેમના સધન અને નિષ્ઠાભર્યા પ્રયત્નોથી આકોલા સહિત સમગ્ર વિર્દભ ક્ષેત્રમાં રેલવે સુવિધા વધે અને લોકોની રેલવેને લગતી સમસ્યાઓનો સમાધાનકારી ઉકેલ આવે એવી શુભેચ્છા પ્રદાન કરીએ છીએ.

# શ્રી અખિલ ભારત અચલગચ્છ વિધિપક્ષ શ્વેતાંબર જૈન સંઘની વ્યવસ્થાપક કમિટિના નવ નિયુક્ત પદાધિકારીઓ

તા.૧૧ ફેબ્રુઆરી શનિવાર રોજ શ્રી અખિલ ભારત અચલગચ્છ વિધિપક્ષ શ્વેતાંબર જૈન સંઘની વ્યવસ્થાપક કમિટીની સભા ચીંચબંદર મહાજનવાડી મધે મળેલ. જેમાં નવનિયુક્ત પદાધિકારીઓની વરણી કરાઈ જેની નામાવલી નીચે મુજબ છે.

પ્રમુખ તરીકે ભાવેશભાઈ હિંમતલાલ વોરા, વરિષ્ઠ ઉપપ્રમુખ ચીમનભાઈ મોતા, દ્વિતીય ઉપપ્રમુખ હેમચંદભાઈ ગડા, માનદમંત્રીઓ તરીકે પ્રવીણભાઈ ટોકરશી લોડાયા, જતીનભાઈ મોરારજી છેડા, પ્રકાશ ચંદજી સિન્ગી તથા જયંતભાઈ મહેતાની વરણી કરાઈ. સર્વે પદાધિકારીઓને અંતરપૂર્વક અભિનંદન.

# અબડાસા વિભાગના નાની સિંધોડી નગરે અચલગચ્છાધિપતિ મહારાજ સાહેબનું અદ્‌ભૂત ભાવ સાથે ભવ્ય સામૈયું કરાયું





અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા. આદિ ઠાણા ગચ્છાધિપતિ પર સ્વીકાર્યા બાદ પ્રથમવાર નાની સિંધોડી નગર સંઘના આંગણે પધારતા પૂજ્ય સાહેબનું ભવ્ય સામૈયું કરી અદ્‌ભૂત ભાવ સાથે સ્વાગત કરાયું હતું. સંઘના શ્રાવક શ્રાવિકાઓ દર્શન વંદનનો લાભ પામી ધન્યતા અનુભવી હતી. પધારેલ સૌ ગુરૂ ભક્તોને હૈયે હર્ષની હેલી ઉમટી હતી.

# મોટી સિંધોડી નગરે અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભાસાગર મ.સા.નું ભવ્ય ભાવ સાથે સ્વાગત સામૈયું કરાયું





સાહિત્ય દિવાકર, રાજસ્થાન દક્ષિણ દિપક અચલગચ્છ નરેશ, પ.પૂ આચાર્ય ભગવંત શ્રીમદ કલાપ્રભાસાગરસૂરીશ્વરજી મ.સા.આદિ ઠાણા ૫નું અબડાસા તાલુકાના મોટી સિંધોડી નગરે તા.૧૨ ફેબ્રુઆરીને રવિવારના ભવ્યાતિભવ્ય સામૈયું નિકળ્યું હતું. આ પ્રસંગે મુંબઈથી મોટી સિંધોડી જૈન સંઘનું ટ્રસ્ટીમંડળ પોતાના માદરે વતન મોટી સિંધોડી નગરે આવી પહોંચ્યું હતું. મોટી સિંધોડી ગામે જૈનાચાર્યનું ભવ્યાતિભવ્ય સામૈયું નિકળ્યું હતું જેમાં એકસો (૧૦૦) જેટલા ભાવિકો જોડાયા હતા. શ્રી કચ્છી દશા ઓસવાળ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈના પૂર્વ પ્રમુખશ્રી કલ્પેશભાઈ મોતા સહિત વિવિધ ગામોના અગ્રણીઓની નોંધનીય ઉપસ્થિતિ રહી હતી.

ખાસ મુંબઈથી મોટી સિંધોડી જૈન સંઘના ચેરમેન અને ટ્રસ્ટીશ્રી મુકેશભાઈ લોડાયા, પ્રમુખ શ્રીમતી હર્ષાબેન લોડાયા, ટ્રસ્ટી શ્રી દિનેશભાઈ મૈશેરી, સેક્રેટરી શ્રી લહેરચંદભાઈ મૈશેરી, કમિટિ મેમ્બર શ્રી હેમાંગભાઈ શાહ, શ્રીમતી વિણાબેન મોતા તથા હાર્દિક મૈશેરી મુંબઈથી ખાસ મોટી સિંધોડી નગરે પધાર્યા હતા.

જૈન સંઘના મેનેજીંગ ટ્રસ્ટી અને વર્તમાનમાં નૂતન જીનાલયનું સુપરવિઝન કરતા શ્રી વિજયભાઈ મોમાયાની મહેનત કાબીલે તારીફ રહી હતી. સ્થાનીકે લહેરચંદ મૈશેરી પરિવારનો ખૂબ સારો સાથ સહકાર મળ્યો હતો. અબડાસા તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખશ્રી અને વિવિધ કમિટિઓના ચેરમેન રહેલાશ્રી મુરજીભાઈ ગઢવીએ પ્રાસંગિક પ્રવચન કરેલ હતું.

ગામના સરપંચ શ્રી ગોપાલભાઈ ગઢવીની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. આ પ્રસંગે રૂપિયા ૫૦નું સંઘ પૂજન કરવામાં આવેલ હતું. આ પ્રસંગે ઉપસ્થિત સૌ માટે નવકારશીની વ્યવસ્થા કરવામાં આવેલ હતી.

# સુથરી તીર્થે અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.મ.સા.ની પુનિત પધરામણી થઈ




તા.૧૪ ફેબ્રુઆરી મંગળવાર રોજ સવારે અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરજી મ.સા. આદિ ઠાણા અબડાસા પ્રાંતના સુથરી તીર્થે પધાર્યા. સંઘ દ્વારા પૂજ્ય સાહેબનું અતિ ઉત્સાહ આનંદ ભાવ સાથે વાજતે ગાજતે સામૈયું કરાયું હતું. સુથરી તેમજ આજુબાજુ પરિસર ગામોના શ્રાવક, શ્રાવિકાઓ દર્શન વંદનનો લાભ લઈ ધન્ય ધન્ય થયા હતા.

# કેડીઓ કલાસિકની સિલ્વર જ્યુબિલીની કચ્છમાં કચ્છી નાટકના મંચન સાથે અનેરી ઉજવણી કરાઈ





કે.ડી.ઓ. કલાસિક મુંબઇ સંસ્થાને ૨૫ વર્ષ પૂરા થતાં સુહાની સફરની સિલ્વર જ્યુબિલીની કચ્છમાં સમાજવાસીઓની વિશાળ ઉપસ્થિતિમાં ઉજવણી કરવામાં આવેલ.

યુગદ્રષ્ટા શ્રી શાંતિલાલભાઇ મુલજી શિયાલ તથા શ્રી મણીકાંતભાઇ હીરજી ધુલ્લા (જખૌ)ની બેલડીને માતૃભૂમિનું ઋણ અદા કરવા તથા જ્ઞાતિજનોના વિકાસ માટેની મનમાં ભાવના અંકુરિત થઇ. માર્ચ ૧૯૯૬ માં ૧૦૮ જ્ઞાતિજનોનું 'કચ્છ દર્શન' પ્રવાસનું સફળ આયોજન થયું. આ પ્રવાસમાં જોડાયેલા બધા જ્ઞાતિજનોમાં એક આત્મીયતાની ભાવના નિર્માણ થઇ. તા.૨૩-૩-૧૯૯૬ના દિવસે એક સભાનું આયોજન કરવામાં આવ્યું. બધાના રચનાત્મક વિચારોની આપલે થઇ અને સંગઠન ઉભું કરવાનો વિચાર વહેતો થયો. પરસ્પર ચર્ચા વિચારો થયા અને ત્રણ મહિના પછી તા. ૨૯-૬-૧૯૯૬ ના શુભ દિને કે.ડી.ઓ. કલાસિક સંસ્થાનો શુભારંભ કરવામાં આવ્યો. આજે સંસ્થાએ ૨૫ વર્ષની મંઝિલ સફળતા પૂર્વક પરીપૂર્ણ કરી છે. અને સમાજ ઉપયોગી વિવિધ પ્રવૃત્તિઓ આજે પણ ચાલુ રાખી છે.

મુંબઇ શહેરમાં કેડીઓ કલાસિકના સભાસદો વચ્ચે સંપર્ક અને વિચારોની આપ-લે થાય અને કૌટુંબિક વાતાવરણ ઊભું થાય એ લક્ષમાં રાખી સંસ્થા નિયમિત પોતાના સભ્યો માટે નાના-મોટા કાર્યક્રમોનું આયોજન કરે છે.

સંસ્થાનું મુખ્ય ઉદ્દેશ જ્ઞાતિજનો માટે મેડીકલ તથા શૈક્ષિણક સહાય કચ્છ-અબડાસા તથા મુંબઇમાં વરસોથી ચાલુ છે. આ પ્રવાહમાં કેડીઓ કલાસિકના વિવિધ ક્ષેત્રથી આવેલ મોભી સભ્યોનો અમુલ્ય ફાળો છે.

ભુજનાં ટાઉન હોલ મધ્યે કચ્છ યુવક સંઘ પ્રેરિત, પ્રેરણારૂપ નાટક 'મન મેલે ત અખીયું ખેલેં' ૮૦૦ થી ૯૦૦ સમાજવાસીઓએ નિહાળ્યો હતો અને કલાકારોની નાટ્યકલાને બિરદાવી હતી.

સંસ્થાનાં સેક્રેટરી પિનાકીનભાઇ છેડા એ પ્રસંગ પરિચય આપ્યો હતો. તેજશ લાલકા, અશોકભાઇ મોતા, ચેતનભાઇ પોલડીયા, જયશ્રીબેન જૈન, કાશ્મીરાબેન લુઠીયા, મીનાબેન નાગડાએ ઉપસ્થિત રહી સમાજવાસીઓને ઉપયોગી માર્ગદર્શન પૂરૂં પાડ્યું હતું.

આ અવસરે શ્રી પ્રભાતસિંહ જાડેજા, હરેશભાઇ ઠક્કર, વાડીલાલભાઇ પોકાર, અનીલભાઇ જૈને અતિથિ વિશેષ પદ





# કેડીઓ કલાસિકની સિલ્વર જ્યુબિલીની કચ્છમાં કચ્છી નાટકના મંચન સાથે અનેરી ઉજવણી કરાઈ

શોભાવ્યું હતું. કાન્તીલાલભાઇ કારાણી તથા વસંતભાઇ મારૂએ નાટિકાનું માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું.

કે.ડી.ઓ. કલાસિક મુંબઇ દ્વારા કચ્છનાં કાર્યકર ભાઇ-બહેનોનું બહુમાન કરવામાં આવેલ. ગાંધીધામ, ભુજ મહાજનો દ્વારા કે.ડી.ઓ. કલાસિક પદાધિકારીઓનું સન્માન કરી પ્રવૃત્તિઓને બિરદાવવામાં આવેલ.

ક.દ.ઓ. જૈન કચ્છ એકમ સંસ્થાનાં પ્રમુખ મહેશભાઇ લાલકા, ગાંધીધામ ક.દ.ઓ. મહાજન પ્રમુખ લહેરચંદભાઇ ખોના, ભદ્રેશ્વર તીર્થ ભોજનશાળા ટ્રસ્ટી શ્રી જવેરચંદભાઇ ખોના, ભુજ ક.દ.ઓ. મહાજન પ્રમુખ પ્રબોધ મુનવર તથા કચ્છના કેડીઓ ગામો ગામનાં કાર્યકરો અને ભાઇ-બહેનો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કચ્છનાં કર્મઠ કાર્યકર અને આ કાર્યક્રમ માટે સખત જહેમત ઉઠાવનાર પ્રબોધ મુનવરનું કે.ડી.ઓ. કલાસિક મુંબઇ દ્વારા પ્રતિક ભેટ સાથે વિશિષ્ટ સન્માન કરવામાં આવેલ.

કાર્યક્રમનું સંચાલન શ્રી પિનાકીનભાઇ છેડાએ કર્યું હતું. જયારે આભાર દર્શન જયશ્રીબેન ધુલ્લાએ કર્યું હતું. આવવા-જવાની વ્યવસ્થા તથા સંધ્યા ભોજનની વ્યવસ્થા કેડીઓ કલાસિક-મુંબઇ દ્વારા કરવામાં આવેલ. કાર્યક્રમને સફળ બનાવવા ગાંધીધામ,ભુજ, અબડાસા, મુન્દ્રા, માંડવી ક.દ.ઓ. મહાજનશ્રીઓનાં સર્વે કાર્યકરોએ જહેમત ઉઠાવી હતી.

ગાંધીધામ-આદિપુર-અંજારથી પાંચ બસ, વર્ધમાનનગરથી બે બસ, નલીયાથી ૧ બસ, કોઠારાથી ૧ બસ, માંડવી-ગોધરા-બીદડાથી-૩ વાહન, મુન્દ્રા-બારોઇથી ૩ વાહન, મંજલ રેલડીયા-ડુમરા-દેઢીયા-ચિયાસરથી-૨ વાહન, ગઢશીશાથી ૧ વાહન, જખૌ-લાલા-જશાપરથી ૨ વાહન, બાંડીયાથી-૧ વાહન, તેરાથી ૧ વાહન, ભદ્રેશ્વરથી-૧ વાહન, વારાપદ્ધરથી ૧ વાહન, સુથરીથી ૧ વાહન, સાંધાણથી ૧ વાહન, સાંધવથી ૧ વાહન, કોવઇનગરથી ૧ વાહન, માધાપરથી ૧ વાહન, તેમજ ગાંધીધામથી ૩૦૦ તો ભુજથી ૨૭૦ સમાજવાસીઓ આ કાર્યક્રમમાં જોડાયા હતા.

ગાંધીધામ-આદિપુર-અંજારથી મહેશ લાલકા તથા લહેરચંદ ખોના, ભુજ થી પ્રબોધ મુનવર, નલીયાથી મહેશ નાગડા, માંડવીથી કૃણાલ ડાઘા, તેરાથી જયચંદ છેડા, ભદ્રેશ્વરથી ચેતન ખોના, મુન્દ્રાથી અમિત લોડાયા, કોઠારાથી વર્ધમાન લોડાયા, ગઢશીશાથી ભાવેશ નાગડા, સુથરીથી જીજ્ઞેશ છેડા, મંજલ રેલડીયાથી મંગલભાઇ લાલકા, ડુમરાથી રમેશ સોની, વર્ધમાનનગરથી અભય ધરમશી, જખૌથી અમિતાબેન મોમાયા અને રાજેન્દ્ર દંડ, સાંધવથી પંકજ ડાઘા, સાંધાણથી કાન્તીલાલ લાલકા, બાંડીયાથી મહેશ મોમાયાએ શહેરો-ગામડાઓમાંથી સમાજવાસીઓને ટાઉન હોલ ભુજ મધ્યે લઇ આવવા-જવાની વ્યવસ્થા સંભાળેલ.

વર્ધમાનનગરનાં કાર્યકરો પ્રબોધ મુનવર, હીરાચંદ છેડા, તુષાર જૈન, મહેન્દ્ર લોડાયા, ફેનીલ લોડાયા, રાકેશ ધરમશી, દિલીપ સાયલા, સંજય મૈશેરી, હિતેશ ધરમશીએ વ્યવસ્થામાં સહકાર આપેલ.



# ચાલીસગામ નગરે શ્રી પદમપ્રભ સ્વામી જિનાલયની ૧૧૬મી વર્ષગાંઠ નિમિત્તે ૧૮ અભિષેક સાથે ધ્વજારોહણ સંપન્ન થયું

શ્રી કચ્છી દશા ઓસવાળ જૈન સંઘ ચાલીસગામના શ્રી પદમપ્રભ સ્વામી જિનાલયની ૧૧૬મી વર્ષગાંઠ અવસરે ૧૮ અભિષેક સાથે વિવિધ ધર્મ આરાધનો કરી ભવ્યતાથી ધ્વજારોહણનો કાર્યક્રમ પ.પૂ.સાધ્વીશ્રી મહાપ્રજ્ઞાશ્રીજી મ.સા.ની નિશ્રામાં વિધિકાર પ્રવીણભાઈ સાવલાના સથવારે સંપન્ન થયું.



# પ.પૂ.સાધ્વીશ્રી હર્ષવંદનાશ્રીજી મ.સા. સંયમજીવનના ૩૬ મા વર્ષ પ્રવેશ કર્યો



કચ્છ અબડાસા પ્રદેશના સોનથરી નગર સુથરીના માવિત્ર રાજબાઈ નરશી જેઠાલાલ છેડાના ધર્મ સંસ્કારી સુપુત્રી ધર્મ, તપ અને મોક્ષના ભાવ સાથે દંતાણી તીર્થે વિક્રમ સંવત ૨૦૪૪ મહાવદી ૧૨ના તિથિ દિને અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરિશ્વરજી મ.સા.ના હસ્તે દીક્ષા ગ્રહણ કરી ગુરૂ પ.પૂ.સાધ્વીશ્રી મહાપ્રજ્ઞાશ્રીજી મ.સા.ના શિષ્યા તરીકે પ.પૂ.સાધ્વીશ્રી હર્ષવંદનાશ્રીજી મ.સા.ના નામે સંયમજીવનના આકરા પંથે વિચરણ શરૂ કર્યું.

વિક્રમ સંવત ૨૦૭૯ મહાવદી ૧૨ના તિથિએ પૂજ્ય સાહેબ પરમ ત્યાગ અને તપ ભાવના ૩૫ વર્ષ પૂર્ણ કરી સંયમજીવનના ૩૬ વર્ષમાં સફળતાથી પ્રવેશ કર્યો છે. મહારાજ સાહેબ પંથ પ્રવાસે આગળ વધી સુવર્ણને શતક વર્ષના શિખર પાર કરે એજ મંગલ કામના શુભકામના અને શત શત વંદના.

# પ.પૂ.સાધ્વીશ્રી શ્રેયાસકલાશ્રીજી મ.સા. સંયમજીવનના ૧૫ વર્ષ પરિપૂર્ણ કર્યા



વિક્રમ સંવત ૨૦૬૪ મહાવદ ૧૧ તિથિ દિને કચ્છ અબડાસા વિભાગના સોનથરી ગામ સુથરી નગરના માવિત્ર માતુશ્રી કુંવરબાઈ વીશનજી મોતાના ગુણ સુંદરી પુત્રી અને સાસરા પક્ષના ગુણવર્ય ગીતાબેન લલિતભાઈ ધરમશી જખૌ ગુણોદય ધામ સોનગઢ નગરે અચલગચ્છાધિપતિ પ.પૂ. આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ના હસ્તે દીક્ષા સ્વીકારી સંયમ જીવન પથનું વિચરણ ગુરૂ પ.પૂ.સાધ્વીશ્રી મહોદયશ્રીજી મ.સા.ના શિષ્યા બની પ.પૂ.સાધ્વીશ્રી શ્રેયાસકલાશ્રીજી મ.સા.ના નામે શરૂ કર્યું. વિક્રમ સંવત ૨૦૭૯ માઘ વદ ૧૧ તિથિએ પૂજ્ય સાહેબ ધર્મ, તપ, ધ્યાન ભક્તિ મગ્ન થઈ સંયમ જીવનના ૧૫ વર્ષ પરિપૂર્ણ કરી શુભ શુકનવંત સોળમા વર્ષમાં પ્રવેશ કર્યો છે. ત્યારે તેમના સંયમ જીવન પ્રવાસને બિરદાવી આ અવિરત વિચરણ રજત, સુવર્ણ વળોટી શતક વર્ષ સુધી પહોંચે એ શુભકામના સાથે શત શત વંદના.

# શંખેશ્વર તીર્થે મહારાજ સાહેબના સિધ્ધિ તપની અનુમોદના નિમિત્તે સિધ્ધિતપથી સિધ્ધ શિલાનું આયોજન સંપન્ન થયું

તા.૧૭ ફેબ્રુઆરી ગુરૂવારના શંખેશ્વર તીર્થે પ.પૂ. આ.ભ.શ્રી કવિન્દ્રસાગરસૂરિશ્વરજી મ.સા.ની પાવનકારી નિશ્રામાં પ.પૂ.સાધ્વીશ્રી કનકગુણાશ્રીજી મ.સા.ના સિધ્ધિ તપની અનુમોદના નિમિત્તે સિધ્ધિતપથી સિધ્ધશિલાનું આયોજન અદ્દભૂત ધર્મ લાભ ભાવ સાથે સંપન્ન થયું.





# મહારાષ્ટ્રના રાજ્યપાલના શપથ વિધિ સમારોહમાં આમંત્રિત અતિથિ તરીકે પ્રવીણ માણેકજી મૈશેરી સપરિવાર ઉપસ્થિત રહ્યાં






મહારાષ્ટ્રના નવનિયુક્ત રાજ્યપાલ માનનીય રમેશ બૈસના શપથ ગ્રહણ સમારોહ રાજ્ય ભવન સ્થળે યોજાયું. સરકાર દ્વારા યોજિત સતાવાર સમારોહમાં રાયપુર છતીસગઢના અને સમસ્ત મહાજનના પૂર્વ ટ્રસ્ટી પ્રવીણ માણેકજી મૈશેરી, તેમના પત્ની અને પુત્રી સહિત આ સમારોહમાં વિશેષ આમંત્રિત તરીકે ઉપસ્થિત રહ્યાં હતા.

મૂળ રાયપુરના રમેશ બૈસ સાત ટર્મ લોકસભામાં ચૂંટાયા છે. છેલ્લે ત્રિપુરા અને ઝારખંડના રાજ્યપાલ તરીકે કાર્યકાળ સંભાળ્યો છે. તા.૧૮ ફેબ્રુઆરી શનિવારે મહારાષ્ટ્ર રાજ્યના ગર્વનર તરીકે શપથ ગ્રહણ કર્યા. આ સમારોહમાં રમેશ બૈસની સાથે આત્મીય સંબંધનો નાતો ધરાવતા પ્રવીણ મૈશેરી અને પરિવાર હાજર રહી તેમને શુભેચ્છા આપી હતી.

---

# કચ્છ રાપરગઢવાળી નગરે અચલગચ્છાધિપતિ મ.સા. પધારતા ભવ્ય રીતે સામૈયું કરાયું

તા.૧૩ ફેબ્રુઆરી સોમવારના શુભદિને સાહિત્ય દિવાકર, દક્ષિણ દીપક અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા. સાથે શિષ્ય સમુદાય સાધુ ભગવંતો અચલગચ્છાધિપતિની પદવી મળ્યા બાદ પ્રથમ વખત અબડાસા વિભાગના રાપરગઢવાળી નગરે પધારતાં રાપરગઢવાળી-નાની સિંઘોડી સંઘ દ્વારા વાજતે ગાજતે સામૈયું કરાયું. આ અવસરે બહોળી સંખ્યામાં શ્રી સંઘ તથા અન્ય સમાજના લોકો ઉત્સાહ ભાવ સાથ સમલિત થયાં હતા અને ગુરૂભક્તિ કરી દર્શન વંદનનો લાભ લીધો હતો.



---

# સૌમ્ય સ્વભાવી, સંઘ કૌશલ્યાધાર અચલગચ્છાધિપતિ મ.સા. સૂરિપદના ૩૬મા વર્ષમાં મંગલ પ્રવેશ કર્યો

વિક્રમ સંવત ૨૦૪૪ મહાવદ ૧૨ સોમવાર તા.૧૫ ફેબ્રુઆરી ૧૯૮૮ના મંગલ દિને શુભ મહૂર્તે પૂ.આદ્યદાદા ગુરૂદેવ આ.ભ. શ્રી આર્યરક્ષિતસૂરિજી મહારાજાની જન્મ દીક્ષા ભૂમિ દંતાણી મહાતીર્થે શાસન સમ્રાટ અચલગચ્છાધિપતિ પ.પૂ. આ.ભ.શ્રી ગુણસાગરસૂરિશ્વરજી મહારાજાના વરદ હસ્તે વહેલી પરોઢે ઉપાધ્યાય શ્રી કલાપ્રભસાગરજી ગણિવર્ય મ.સા.ને ૩૬ ગુણ યુક્ત આચાર્ય પદ પ્રદાન કરેલ. સમય, સેકન્ડો, મિનિટો, કલાકો, દિવસો, મહિનાઓ અને વર્ષો વીતતાં સૌમ્ય સ્વભાવી, સંઘ કૌશલ્યાધાર અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા. ૩૫ વર્ષ પૂર્ણ કરી ૩૬મા વર્ષમાં મંગલ પ્રવેશ કરેલ એ શુભદિન છે વિક્રમ સંવત ૨૦૭૯ મહાવદ ૧૨ ગુરૂવાર તા.૧૬ ફેબ્રુઆરી ૨૦૨૩.

ચતુર્વિધ સંઘોની સ્વીકારજો વંદના વારંવાર, આપના શાસન કાલે કાર્યો થાય ખૂબ જાનદાર પ.પૂ.ગુરૂદેવશ્રીની ૩૬મી સૂરિપદ તિથિ દિને સમૂહ સ્નાત્રપૂજા, સમૂહ સામાયિક, સ્વાધ્યાય, જાપ, જીવદયા, અનુકંપાના સર્વત્ર આયોજનો થયા. સકલ સંઘના સૌ ભવ્ય ભાવ સાથે સહભાગી થઈ ધન્ય થયાં હતા.

# ઉદાર હાથે સહાય કરો

# અને જ્ઞાતિસેવાનો લાભ લો

**80G સર્ટિફીકેટ**

**C.S.R.**

CORPORATE SOCIAL RESPONSIBILITY

**For NEFT Transfer**

| | | |
|---|---|---|
| Type of Account | : | Saving |
| ccount Number | : | 002001005497 |
| Name of the Bank | : | Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | : | Mulund (West) Mumbal - 400 080. |
| Name Account | : | Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | | |
| Our IFSC Code | : | ICIC00ARIHT |

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

# શ્રી ક.દ.ઓ. જૈન સમસ્ત મહાજનની બીટુબી કમિટીના સહયોગથી નવી પહેલ

કોરાનાના લાંબા કપરા કાળની અસર સૌના ધંધા, રોજગાર પર પડી છે. જેને લીધે અનેક પરિવારોને આર્થિક, સામાજિક અસરો થઈ છે. આ સમસ્યાને ધ્યાનમાં લઈને જ્ઞાતિમૈયા સમસ્ત મહાજનની બીટુબી કમિટીના સહયોગથી વ્યવાસિકોને નોકરી ખાલી છે એ જરૂરત પૂરી કરવા અને યોગ્ય ધરાવતા જ્ઞાતિજનોને નોકરી જોઈએ છે એ માટે તક મળી રહે એ માટે બીડું ઝડપી તક પૂરી પાડશે.

તો આ વિભાગનો લાભ મળી રહે એ માટે આપની જરૂરિયાતની વિગત મોકલશો જે આ વિભાગ અંતર્ગત લિંકમાં એટેચડ કરાશે.

## જેમની કંપનીમાં નોકરી ખાલી છે તે લોકો અહીં કલીક કરીને આ ફોર્મ ભરે

## નોકરીની જરૂરિયાત વાળા વ્યક્તિ કલીક કરીને આ ફોર્મ ભરે

# ભાવભીની શ્રદ્ધાંજલિ



**રમેશભાઈ ધુલ્લા**
તા.૯ ફેબ્રુઆરી (ઉ.૭૮)
તેરા-ડોંબિવલી



**નીરજભાઈ નાગડા**
તા. ૧૦ ફેબ્રુઆરી (ઉ.૫૩)
લાલા-ખંડવા



**રાજેશ પોલડીઆ**
તા.૧૦ ફેબ્રુઆરી (ઉ.૬૩)
ગોએરસમા-નાશીક



**કલ્પના મોતા**
તા.૧૪ ફેબ્રુઆરી (ઉ.૭૩)
જશાપર-મીરારોડ



**તારાબાઈ લોડાયા**
તા.૧૪ ફેબ્રુઆરી (ઉ.૮૮)
કોઠારા-મસ્જિદબંદર



**કિરીટ લોડાયા**
તા. ૧૫ ફેબ્રુઆરી (ઉ.૬૩)
વારાપધર-ડોંબિવલી



**જયાબાઈ કુરૂવા**
તા.૧૫ ફેબ્રુઆરી (ઉ.૭૩)
ગોધરા-ડોંબિવલી



**હિરાચંદ સાંયા**
તા.૧૫ ફેબ્રુઆરી (ઉ.૭૭)
સુજાપુર-માટુંગા



**વિનોદભાઈ લોડાયા**
તા.૧૫ ફેબ્રુઆરી (ઉ.૭૪)
નાની ખાવડી-સાંગલી



**આરવ મૈશેરી**
તા. ૧૭ ફેબ્રુઆરી (ઉ.૬)
લાલા-ડોંબિવલી



**પુષ્પાબેન મુનવર**
તા.૧૭ ફેબ્રુઆરી (ઉ.૭૬)
રંગપુર-મુલુંડ



**વિમલાબેન ખોના**
તા.૧૮ ફેબ્રુઆરી (ઉ.૭૩)
સુથરી-કોપરખૈરના

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**




● કચ્છના પશ્ચિમ છેડાના નખત્રાણા તાલુકાના દેશલપર (ગુંતલી) ગામે હડપ્પીય વસાહત ધરબાયેલી છે. ભુજથી નખત્રાણા જતા હાઈવે પર હાજીપીર ફાટકથી બે ત્રણ કિલોમીટર દૂર દેશલપર-ગુંતલી ગામે ભારત સરકાર તથા રાજ્ય સરકારના પુરાત્વ વિભાગ દ્વારા ઉત્ખનન કરી હડપ્પીય વસાહત શોધી કઢાઈ છે. પરંતુ છેલ્લાં કેટલાક વર્ષોથી આ સંશોધન ઉત્ખન કાર્ય બંધ છે જે પુનઃ શરૂ કરાય તો ઐતિહાસિક સંસ્કૃતિના અનેક રહસ્યો ખોલી શકાય એમ છે. આજે પણ અહીંથી માટીના પાત્રો, મૂર્તિઓ સહિત અનેક અવશેષો મળી આવે છે.

● મૂળ કચ્છ ભચાઉની હાલે બોરીવલી રહેતી છ વર્ષીય ધીયા (પ્રિયાંશી) મીનાક્ષીબેન શાંતિલાલ નિસરે કાઠમંડુ (નેપાલ)માં નેપાલ રોલર મ્યુઝિકલ ચેર સ્કેટિંગ સ્પીડ સ્કેટિંગ ચેમ્પિયનશિપ ૨૦૨૨માં ત્રણ સુવર્ણચંદ્રક જીત્યા તેમજ સ્કેટિંગના ૯૬ કલાક પૂર્ણ કરીને વિશ્વ વિક્રમ સ્થાપિત કરી. ગિનેસ વર્લ્ડ બુક ઓફ રેકોર્ડમાં સ્થાન મેળવ્યું છે.

● મુંદરા તાલુકાના પત્રીગામના અને હાલે મુલુંડમાં રહેતા પ્રોફેશનલ એજ્યુકેટર કોચ જિનલ અને વિમેશ દેઢિયાના આઠ વર્ષીય પુત્ર શનાય દેઢિયા અને ૧૧ વર્ષીય પુત્ર જિનાંશ દેઢિયાએ ૧૩૮ વર્લ્ડ રેકોર્ડ કરી ઈતિહાસ રચયો છે. હીરજી ભોજરાજ એન્ડ સન્સ કવિઓ જૈન છાત્રાલય માટુંગામાં એશિયા બુક અને ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડસના જ્યુરી હાજર રહ્યાં હતા અને રેકોર્ડની નોંધ કરી હતી.

● ભુજની જી.કે.જનરલ અદાણી હોસ્પિટલના ડાયટિશિયન અનિલાબેન પરમારે ભોજનમાં ઈન્દ્રધનુષી રંગના ફળ શાકભાજી તેના સ્વાદ અને ગુણની જેમ તંદુરસ્તી લાવે છે એના ગુણ બતાવ્યાં હતાં. શિયાળામાં આ તમામ ફળોનો અને લીલોતરી શાકભાજીનો ઉપયોગ આરોગ્યપ્રદ ગુણ આપે છે. પ્રત્યેક ફળ અને શાકભાજીના કલર સાથે ખાસ પોષણ જોડાયેલું છે. નારંગી કલરમાં આલ્ફા અને બિટાકેરેટીન હોય છે જે આંખો માટે ઉપયોગી છે. ગાજર, સંતરા, હલદીમાં એન્ટિઓક્સિડેંટ ગુણ હોય છે. ટમાટર, સફરજન, ચેરી, તરબૂચ, સ્ટ્રોબરીમાં કેરેટોનીઈડસ ગુણ સમાયેલ હોય છે. લીલારંગના ફળો શાકભાજીમાં ફળો રોફિલ નાઈટ્રિટ અને વિટામીન બી-૩નો ભંડાર હોય છે.


● અદાણી ફાઉન્ડેશન તથા કચ્છ જિલ્લા પંચાયતના પશુપાલન વિભાગના સંયુક્ત પ્રયાસથી નખત્રાણા તાલુકાના ફુલાય છારી ઢંઢ વિસ્તારમાં ખારાઈ ઊંટને ફિટોરા તથા એંટીસરાનું રસીકરણ કરાયું હતું. કચ્છમાં વિવિધ સ્થળે વસતા આ માલધારીઓને બેથી ત્રણ જગ્યાએ એકત્રિત કરવાની કામગીરી સહજીવન ભુજ તથા કચ્છ ઊંટ ઉછેરક માલધારી સંગઠન દ્વારા કરાઈ હતી. બે જગ્યાએ કેમ્પ યોજીને માલધારીઓના ૯૭૩ જેટલા ઊંટોનું રસીકરણ જિલ્લા પંચાયતના નાયબ પશુપાલન નિયામક ડૉ.હરેશભાઈ ઠક્કરના માર્ગદર્શન હેઠળ ૧૬ જેટલા પશુ ચિકિંત્સકોની ટીમ દ્વારા કરાયું હતું.

● નાસિક ખાતે બીજી નેશનલ વેટરન્સ સ્પોર્ટસ એથ્લેટિક સ્પર્ધા યોજાઈ હતી. જેમાં દેશભરના જુદા જુદા પ્રાંતમાંથી ખેલાડીઓએ ભાગ લીધો હતો. આદિપુરના ૭૦ વર્ષીય ઉષાબેન એ.ગોસ્વામી લોંગ જમ્પમાં રજત ચંદ્રક, બચ્છી ફેંક અને ડીસ્ક થ્રોમાં કાંસ્ય પદક મેળવી ઉજળો દેખાવ કર્યો હતો. તેઓ આ અગાઉ દસ જેટલા સુવર્ણ, ૨૦થી વધુ રજત અને કાંસ્ય ચંદ્રક મેળવ્યા છે અને રાજ્ય સ્તરે તેમજ રાષ્ટ્રીય સ્તરે સિધ્ધિ મેળવી કચ્છનું નામ રોશન કર્યું છે.

● ગુજરાત રાજ્યની વિધાનસભામાં નવનિર્વાચિત વિધાયકોએ શપથ ગ્રહણ કર્યા. જેમાં કચ્છના માંડવી-મુંદરા મત વિસ્તારના નવા વિધાયક અનિરૂધ્ધ ભાઈલાલ દવે પારંપારિક વિપ્ર પોષાક ધારણ કરી પહોંચ્યા હતા અને સંસ્કૃત ભાષામાં શપથ ગ્રહણ કર્યા હતા. કચ્છના ઈતિહાસમાં આ એક પહેલીવાર સીમા ચિન્હરૂપ ઘટના થઈ હતી. જે જાણી કચ્છ ગુજરાત સહિતના સમસ્ત સંસ્કૃત ભાષી પ્રેમીઓ હર્ષની લાગણી જતાવી હતી.

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com

E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-

માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર

(ગામ - સાયરા)